ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સેકટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેકસઃ ૨૩૨૩૨૪૩૬, E-mail: qecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. : 1800 233 7965

ક્રમાંકઃએસએસએ/ટી.ટી./(શિક્ષકસેવાકાલીનતાલીમ)/૧૨/૨૯૭૭૦–૮૦૧ તા. ૩૦. .૬.૧૨

પ્રતિ શ્રી,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લો : તમામ
શાસનાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

વિષય : બ્લોક કક્ષાની ૩ દિવસની તાલીમ સ્થગિત રાખેલ તાલીમ જુલાઈના બીજા સપ્તાહમાં યોજવા અંગે.

સંદર્ભ : (૧) આ કચેરીના પત્રક્રમાંક : એસએસએ/ટીટી(બ્લોક કક્ષાની તાલીમ આયોજન) /૧૨ / ૧૫૩૧૯ – ૫૦ તા.૧૦.૪.૧૨
(૨)જીસીઈઆરટીના પત્રક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૨/૧૦૪૪૬–૪૭ તા.૧૩.૬.૧૨
(૩)જીસીઈઆરટીના પત્રક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૨/૧૦૫૬૮–૯૬ તા.૧૫.૬.૧૨
(૪)આ કચેરીનો પત્રક્રમાંક : એસએસએ/ટીટી/બ્લોક કક્ષાની તાલીમ/૧૨/ ૨૭૬૭૪–૭૦૪ તા.૧૮.૬.૧૨

ઉપર્યુકત વિષયના સંદર્ભ (૧)ના પત્રથી એસએસએ અંતર્ગત ૧૦ દિવસની તાલીમ પૈકી બાકી રહેતી ૩ દિવસની તાલીમનું આયોજન તા.૨૧ જુનથી ૩૦ જુન દરમ્યાન આયોજન કરેલ હતું. જે સંદર્ભ (૪)ના પત્રથી ઉકત તાલીમ સ્થગિત રાખવા તમામ જિલ્લાને જાણ કરવામાં આવેલ હતી.

આ સ્થગિત રાખેલ ૩ દિવસની તાલીમ પૈકી જીસીઈઆરટી ધ્વારા અગાઉ આપેલ વિષયવાર આયોજનમાં નીચે મુજબનો ફેરફાર કરેલ છે.

સામાજીક વિજ્ઞાનની ૩ દિવસની તાલીમમાંથી ૧ દિવસ ઘટાડીને ૨ દિવસ કરી, તેના બદલે ભાષાના શિક્ષકો માટે, ૧ દિવસ વધારીને ૪ દિવસની તાલીમનું આયોજન કરેલ છે.

ઉકત બાબતને ધ્યાને લઈ હવે પછી સ્થગિત રાખેલ તાલીમ નીચે મુજબના આયોજન મુજબ ગોઠવવા અંગે ડાયટ ના સંકલનમાં આયોજન હાથ ધરીને તાલીમ યોજવા જણાવવામાં આવે છે.

| તારીખ | વિષય |
|---|---|
| તા.૯ થી ૧૦ જુલાઈ | સામાજીક વિજ્ઞાન |
| તા.૧૧ થી ૧૪ જુલાઈ | ભાષાઓ(સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) |
| તા.૧૬ થી ૧૮ જુલાઈ | ગણિત/વિજ્ઞાન અને ટેકનોલોજી |

ઉકત  તાલીમ  દરમ્યાન જીસીઈઆરટીના ધ્વારા  સંદર્ભ (૩)માં દર્શાવેલ તા.૧૫.૬.૧૨ના પત્રથી તમામ ડાયટને રિસોર્સ પર્સનની તાલીમ દરમ્યાન શિક્ષક તાલીમ માટે આપેલ "ઓન એર" સેશનની વિગતોને આધિન શિક્ષક તાલીમ દરમ્યાન "ઓન એર" તાલીમનું આયોજન કરેલ છે. જે અંગેનું વિગતવાર  આયોજન જીસીઈઆરટી ધ્વારા તમામ ડાયટને મોકલેલ છે તે મુજબ તાલીમનું આયોજન કરશો.

ઉકત તાલીમ માટેનો સમય જીસીઈઆરટી ધ્વારા અપાયેલ 'ઓન એર' સેશનમાં સવારે ૭.૦૦ થી બપોરે ૧૨.૩૦ કલાક દર્શાવેલ છે. જેમાં શૈક્ષણિક સત્રના શાળા સમય અનુસાર જુલાઈથી તમામ શાળાઓનો સમય ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક (૩૦ મિનિટની રીષેસ સહિત)રાખવાનો હોઈ, તે મુજબનો ફેરફાર કરવાનો રહેશે.

ઉકત  તાલીમ અન્વયે ઉપર દર્શાવેલ બાબતો ઉપરાંત બ્લોક કક્ષાની તાલીમ અંગેના આ કચેરીના સંદર્ભ–૧ના પરિપત્રમાં નિર્દિષ્ટ તાલીમ દરમ્યાનના ખર્ચ અંગે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ રૂ. ૯૦/– પ્રમાણે ફાળવેલ ગ્રાન્ટમાંથી વાહનભથ્થું મહત્તમ રૂ. ૩૦/–, અલ્પાહાર મહત્તમ રૂ. ૩૦/– ઉપરાંત , બ્લોકકક્ષાની તાલીમમાં નજીક નજીકના બે–ત્રણ કલસ્ટરના શિક્ષકોને ધોરણ/વિષયવાર જૂથમાં તાલીમ આપવાનું આયોજન હોઈ, સ્થાનિક કલસ્ટર સિવાયના અન્ય કલસ્ટરના શિક્ષકોને રૂા.૩૦/–વાહનભથ્થું ઉપરાંત નિયમાનુસાર દૈનિક ભથ્થું(ડીએ) ચુકવવાપાત્ર થાય. જે અંગેનો ખર્ચ રૂા.૩૦/–બાકી રહેતી રકમમાંથી કરવાનો અભિપ્રેત છે.

ઉકત બાબતો સિવાયની અન્ય તમામ બાબતો સંદર્ભ–૧ના પરિપત્ર મુજબ યથાવત રહેશે.

(ડૉ.કુ.દર્શના જોષી)
ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

માન.એસપીડીશ્રીની નોંધ ઉપર મળેલ અનુમતિ અન્વયે.

નકલ સવિનય  રવાના જાણ અર્થે :

- માન.અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ તથા આપના તાબા હેઠળના ડાયટને આપની કક્ષાએથી જાણ કરવા સારુ :

- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સેકટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેકસઃ ૨૩૨૩૨૪૩૬, E-mail: qecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. : 1800 233 7965

**ક્રમાંક : એસએસએ/ટી.ટી./(કલસ્ટરકક્ષા શિક્ષક તાલીમ)/૧૨/૨૯૮૩૭–૮૬૯      તા. ૩૦.૬.૧૧**

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સર્વ શિક્ષા અભિયાન મિશન,
જિલ્લો : તમામ.
શાસનાધિકારીશ્રી, અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત.

**વિષય : કલસ્ટર કક્ષાની એક દિવસીય તાલીમ અંગે.(વર્ષ ૨૦૧૨–૧૩)**

આપશ્રી સુવિદિત છો કે શિક્ષક સેવાકાલીન તાલીમ અંતર્ગત તમામ શિક્ષકોને ૨૦ દિવસની સેવાકાલીન તાલીમ આપવામાં આવે છે. તે પૈકી, ૧૦ દિવસની તાલીમ બ્લોક કક્ષાએ અને ૧૦ દિવસની તાલીમ કલસ્ટર કક્ષા પર એક દિવસીય  બેઠક તરીકે આપવામાં આવે છે.

ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩માં ૨૦ દિવસની શિક્ષક સેવાકાલીન તાલીમના આયોજન સંદર્ભે એસએસએ અને જીસીઈઆરટીની સંયુકત બેઠકમાં નકકી થયા મુજબ ઉનાળુ વેકેશન પડતાં પહેલા ધોરણ ૧ થી ૫ ના શિક્ષકોની ૧૦ દિવસ તથા ધોરણ–૬ થી ૮ ના શિક્ષકોની ૭ દિવસની બ્લોક કક્ષાની તાલીમ તા. ૨૩ એપ્રિલથી ૪ મે દરમ્યાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

ધોરણ–૬ થી ૮ ના શિક્ષકોની બ્લોકકક્ષાની બાકી રહેતી ૩ દિવસની તાલીમ જુલાઈના બીજા સપ્તાહમાં(સંભવિત તા.૯ જુલાઈ થી ૧૮ જુલાઈ)યોજાનાર છે.

બેજટમાં કરેલ જોગવાઈ અનુસાર હવે પછી ૧૦ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમ બાકી રહેવા પામે છે.

એમએચઆરડી અને એડશીલ ન્યુ દિલ્લી ધ્વારા સમગ્ર દેશમાં સીઆરસી બેઠક/તાલીમ ઉપર વિશેષ ભાર/ધ્યાન આપવા સુચવાયુ છે.

કલસ્ટર કક્ષાની એક દિવસીય શિક્ષક તાલીમમાં નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવે છે/સમાવેશ કરવામાં આવે છે.

- ગત(પાછલા)માસમાં કરેલ વર્ગ શૈક્ષણિક કાર્યની સમીક્ષા.
- આવનાર માસમાં કરવાની થતી વર્ગ શિક્ષણ કાર્ય માટે પૂર્વ તૈયારીનું આયોજન.

- સામગ્રી નિર્માણ તથા હાર્ડસ્પોર્ટ પર પ્રત્યક્ષ નિદર્શન.

આ બેઠકમાં જે તે કલસ્ટરના વિષય નિષ્ણાંતો(સીઆરજી) તજજ્ઞ તરીકે સેવાઓ આપે છે. તેઓના કાર્યનું સંકલન સીઆરસી કો.ઓર્ડિનેટર કરે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષથી ધોરણ–૬ થી ૮ ના પાઠયપુસ્તકો નવા અભ્યાસક્રમ આધારિત અમલીકૃત બનેલ છે, તે પરિપેક્ષ્યમાં કલસ્ટરકક્ષાની ગત વર્ષ તાલીમ માટેની માર્ગદર્શિકા (મોડયુલ)માં નવા અભ્યાસક્રમ આધારિત સુધારા કરીને બનાવવાની થાય છે તથા ધોરણ ૧ થી ૫ માટે ગત વર્ષે તૈયાર કરેલ તાલીમ મોડયુલનો જ ઉપયોગ કરવાનો રહેશે. એટલે કે ધોરણ–૧ થી ૫ ના મોડયુલ(તાલીમ માર્ગદર્શિકા)નવી બનાવવાની થતી નથી પરંતુ ધો.૧ થી ૫ ના વિષયવસ્તુ/અભ્યાસક્રમ સંબંધિત સીઆરજી(CRG)તજજ્ઞ માટેનું વિશેષ સંદર્ભ સાહિત્ય/માર્ગદર્શિકા વિકસાવી શકાય.

પાઠયસામગ્રી સંલગ્ન વિશેષ માહિતી ધરાવતી હમ નાવીન્યપૂર્ણ પધ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રવૃત્તિઓ અંગેનું સાહિત્યપણ વિકસાવી આ કચેરીની પૂર્વમંજુરી મેળવીને આપી શકાશે.

ધોરણ– ૬ થી ૮ ની તાલીમ માર્ગદર્શિકા તથા સીઆરજી(CRG)તજજ્ઞ માટેનું વિશેષ સંદર્ભ સાહિત્ય/માર્ગદર્શિકા વિકસાવવા માટે,

(૧) ઉકત ૧૦ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમ માટેની માર્ગદર્શિકા(મોડયુલ)તથા તેને આનુસાંગિક તાલીમ સાહિત્યના નિર્માણ માટે જીસીઈઆરટીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ડાયટ કક્ષાએ જુલાઈ–૧૨થી શરૂ થતી તાલીમ માટે તાલીમ માર્ગદર્શિકા(મોડયુલ) અને સંદર્ભ સાહિત્ય નિર્માણનો રિસોર્સ પર્સનની ૧ દિવસની તાલીમ ગોઠવાની થાય છે તો આ બાબતે જીસીઈઆરટી મારફતે તમામ ડાયટને આ બાબતે જાણ કરવા જણાવવામાં આવશે.

(૨) આ તાલીમવર્ગ માટેનો ખર્ચ એસએસએ અંતર્ગતની રીસોર્સ પર્સન તાલીમ સદરે ઉધારવાનો રહેશે.

ઉકત (૧) અને (૨) ઉપરાંત કલસ્ટરકક્ષાની ૧૦ દિવસની તાલીમ માટે નીચે મુજબનું આયોજન/નીતિ નકકી કરેલ છે. તદૃ અનુસાર તાલીમનું સમગ્ર આયોજન હાથ ધરીને વર્ષ દરમ્યાન નિયત કરેલ સમયપત્રક મુજબ તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

(અ) ચાલુ વર્ષે નીચે મુજબની વ્યવસ્થાથી સીઆરસી એક દિવસની તાલીમ યોજવાનું નકકી કરેલ છે.

જે તે માસના પ્રથમ શનિવારે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્ય અનઅધ્યયન રાખીને શૈક્ષણિક સત્ર અનુસારના શાળા સમયમાં (સવારે ૭.૦૦ થી ૧૨.૩૦ કલાક ) તમામ શિક્ષકો(ધોરણ ૧ થી ૮)ની કલસ્ટર કક્ષાની એક દિવસીય તાલીમ કરવામાં આવે. અહીં તાલીમ વ્યવસ્થા નીચે મુજબના જુથમાં કલસ્ટરના તમામ શિક્ષકો તાલીમ મેળવશે.

**<u>ધોરણ ૧ થી ૫ ના શિક્ષકો માટે :</u>**

- ધોરણ–૧ અને ૫ ના શિક્ષકો માટે એક જૂથ(સ્થાનીક કક્ષાએ આયોજન કરીને તાલીમના પ્રારંભિક ૩ કલાક સમૂહમાં બેઠક કરશે. પછીના ૨ કલાક માટે ધો.૧ થી ૨, ધો.૩ થી ૪ અને ધો.૫ એમ ત્રણ જુથમાં એક જ રૂમમાં તાલીમ મેળવશે. આ ત્રણ જુથને ધો.૧ થી ૫ ના ૩ સીઆરજી( હચનલ્ સ્થાનિક તજજ્ઞ તરીકે માર્ગદર્શન/તાલીમ આપશે.
- ધોરણ–૧ –૨ પ્રજ્ઞા શિક્ષકોનું એક જૂથ અને ધો–૩–૪ પ્રજ્ઞા શિક્ષકોનું એક જુથ(પ્રજ્ઞા શિક્ષકોની કલસ્ટરકક્ષાની તાલીમ ગત વર્ષે તા.૧૫.૭.૧૧ ના પત્રક્રમાંક : એસએસએ/કયુઈસી/૨૦૧૧/૨૬૨૪૭–૭૫ મુજબની જોગવાઈ અનુસાર કરવી)

**<u>ધોરણ–૬ થી ૮ ના શિક્ષકો માટે :</u>**

**<u>ધોરણ–૬ થી ૮ ના તમામ શિક્ષકોનું એક જૂથ :</u>**

ધોરણ ૬ થી ૮ ના તમામ શિક્ષકો એક જ જુથમાં બેસશે. પ્રારંભિક ૨.૩૦ કલાકનું આયોજન સ્થાનિક કક્ષાએથી સમુહ બેઠકનું આયોજન કરવું. જેમાં, અભિગમ, મુલ્યાંકન, વર્ગખંડવ્યવહાર, પધ્ધતિઓ, પ્રયુકિતઓ અને પ્રવૃત્તિઓનું નિદર્શન જેવા મુદ્દાઓનો સમાવેશ કરવો. પછીના ૨.૩૦ કલાક માટે બઈ ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના શિક્ષકોનું એક જૂથ ખઈ ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોનું એક જૂથ હઈ ધોરણ ૬ થી ૮ ના ભાષાના શિક્ષકોનું એક જૂથ તેમ ૩ જૂથમાં વહેંચાઈને તાલીમ મેળવશે. જેમાં વિષયવસ્તુ , હાર્ડ સ્પોર્ટ(કઠિન બિંદુઓ), વિષયવસ્તુ આધારિત અધ્યયન–અધ્યાપન સામગ્રી નિર્માણ અને તેનું ઉપયોજન, સંદર્ભ સાહિત્ય, વિષયને લગત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, સ્વઅધ્યયન કાર્યનો સમાવેશ કરવો. આ માટે જે તે વિષયના સીઆરજી (હચનલ્સ્થાનિક તજજ્ઞ તરીકે કાર્ય કરશે.

(બ) જે તે શાળાના મુખ્ય શિક્ષક/આચાર્યોએ પણ તાલીમ લેવાની હોઈ, શાળાના મધ્યાહન ભોજનની વ્યવસ્થા SMC સભ્યને સોંપીને તાલીમમાં સામેલ થવાનું નકકી કરીએ. જેથી મધ્યાહન ભોજન સંબંધિત કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

(ક) કલસ્ટર કક્ષાની તાલીમ ગત વર્ષ અનુસાર પ્રત્યેક માસના પ્રથમ શનિવાર નકકી કરી શાળાના સમય મુજબ આ દિવસે અનઅધ્યયન જાહેર કરી તાલીમ ગોઠવવા અંગે નિર્ણય કરીએ તથા તે અંગેની જાણ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને કરીને તેમની કક્ષાએથી તમામ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને પ્રાથમિક શિક્ષણાધિકારીને પરિપત્રરૂપે મોકલવા વિનંતી કરીએ. જેથી સદર તાલીમો દરમ્યાન અન્ય કોઈ વિક્ષેપ ઉદભવે નહી અને સમગ્ર વર્ષ દરમ્યાન નિયત કરેલ ૧૦ દિવસની સુગમતાપૂર્વક પૂર્ણ થઈ શકે.

(ક) ૧૦ દિવસની કલસ્ટરકક્ષાની ઉપર મુજબની તાલીમ માટે અત્રેની નીચે મુજબની વિષય/વિષયવસ્તુ, તાલીમ આયોજન, વિગતવાર સમયપત્રક, ગ્રાન્ટ ફાળવણી,તાલીમ દરમ્યાનના ખર્ચ અંગે(વાહનભથ્થુ, અલ્પાહાર, પૂરક શૈક્ષણિક સાધન સામગ્રી/સંદર્ભ સાહિત્ય/સ્ટેશનરી), તજજ્ઞની પસંદગી, તાલીમને આનુસાંગિક અન્ય તમામ બાબતોને(મોડયુલ નિર્માણ, તાલીમના સમયગાળા) નકકી કરેલ છે.

(૧) **<u>તાલીમના વિષય/વિષયવસ્તુ :</u>**

- ધોરણ ૧ અને ૨ : ગુજરાતી/પર્યાવરણ અને ગણિત
- ધોરણ ૧ અને ૨ અને ૩–૪ ના પ્રજ્ઞા શિક્ષકો માટે.
- ધોરણ ૩ અને ૪ : ગુજરાતી/પર્યાવરણ, ગણિત અને હિન્દી.
- ધોરણ ૫ : ભાષા(ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,સંસ્કૃત), સામાજિક વિજ્ઞાન, ગણિત અને વિજ્ઞાન, શા.શિક્ષણ
- ધો ૬ થી ૮ : ભાષા(ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,સંસ્કૃત), સામાજિક વિજ્ઞાન, ગણિત અને વિજ્ઞાન.

**<u>(૨) તાલીમ આયોજન</u> :**

| ક્રમ | માસ | તારીખ | ધોરણ |
|---|---|---|---|
| ૧ | જુલાઈ–૨૦૧૨ | ૭.૭.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૨ | ઓગસ્ટ–૨૦૧૨ | ૪.૮.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૩ | સપ્ટેમ્બર–૨૦૧૨ | ૧.૯.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૪ | ઓકટોબર–૨૦૧૨ | ૬.૧૦.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૫ | નવેમ્બર–૨૦૧૨ | ૨.૧૧.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૬ | નવેમ્બર–૨૦૧૨ | ૩.૧૧.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૭ | ડિસેમ્બર–૨૦૧૨ | ૧.૧૨.૧૨ | ધોરણ ૧થી ૮ |
| ૮ | જાન્યુઆરી–૨૦૧૩ | ૫.૧.૧૩ | ધોરણ ૧થી ૮ |
| ૯ | ફેબ્રુઆરી–૨૦૧૩ | ૨.૨.૧૩ | ધોરણ ૧થી ૮ |
| ૧૦ | માર્ચ–૨૦૧૩ | ૨.૩.૧૩ | ધોરણ ૧થી ૮ |

**<u>નોંધ : અનિવાર્ય સંજોગોમાં ઉપરોકત તારીખોમાં રજા હોય તો બીજા શનિવારે તાલીમ યોજવી.</u>**

**<u>ઉપર મુજબ ૧૦ એક દિવસીય તાલીમ પૈકી ૮ તાલીમ જે તે માસના પ્રથમ શનિવારે તથા બાકી રહેતી ૨ દિવસની કલસ્ટરકક્ષાની તાલીમ નવેમ્બર માસમાં તા.૨.૧૧.૧૨ અને તા.૩.૧૧.૧૨ની બે દિવસની તાલીમ ધ્વિતીય સત્રના અભ્યાસક્રમ માટે ઓરીએન્ટેશન તાલીમ તરીકે યોજવી.</u>**

**<u>(૩) તાલીમ સમયપત્રક</u> :**

આ એક દિવસીય તાલીમો દરમ્યાન જે તે માસમાં જે તે માસની તાલીમના વિષય અનુસાર તાલીમ સમયપત્રક સીઆરસી એક દિવસીય શિક્ષક તાલીમ માર્ગદર્શિકા–૨૦૧૧ માં દર્શાવેલ ધો–૧ થી ૫ માટે આપેલ સમયપત્રકને આધારે ચાલુ વર્ષની તાલીમ માટે અદ્યતન તૈયાર કરવું તથા ધો–૬ થી ૮ માટે નવા અભ્યાસક્રમ આધારે ડાયટ કક્ષાએથી યોજાનાર રીસોર્સ પર્સનની તાલીમ વેળાએ નકકી કરેલ વિષય/વિષયાંક આધારે સમયપત્રક બનાવવું. તાલીમ સમયપત્રકમાં દર્શાવેલ વિષયોના પાઠયક્રમ વર્તમાન સ્થિતિએ ફેરફાર કરવાનો રહેશે.

**(૪) ગ્રાન્ટ ફાળવણી** :

ચાલુ વર્ષ ૨૦૧૨–૧૩માં સેવાકાલીન શિક્ષક તાલીમ અંતર્ગત કલસ્ટરકક્ષાની તાલીમ માટે પ્રતિ દિવસ પ્રતિ શિક્ષક રૂ.૧૦૦/–ની જોગવાઈ કરવામાં આવેલ છે, તે અનુસાર ઉકત તાલીમો માટે જિલ્લાકક્ષાએથી કલસ્ટર કક્ષાની ૧૦ દિવસની તાલીમ માટે, તાલીમ મોડયુલ માટે જિલ્લાકક્ષાએ રૂ.૫/– પ્રતિ શિક્ષક પ્રતિ દિવસના જમા રાખીને, રૂ.૯૫/– પ્રમાણેની ગ્રાન્ટ તાલીમ પૂર્વે જે તે સીઆરસીના ખાતામાં ઈ–ટ્રાન્સફરથી જમા કરાવવાની રહેશે.

**(૫) તાલીમ દરમ્યાનના ખર્ચ અંગે :**

આ તાલીમ માટે સીઆરસી કક્ષાએ પ્રતિ શિક્ષક પ્રતિ દિવસના રૂ. ૯૫/– મુજબ ગ્રાન્ટ મળશે જેમાં,

**(અ) વાહનભથ્થું** : નોકરીના સ્થળેથી તાલીમના સ્થળે આવવા જવાનું રોજેરોજનું ખરેખર થતુ બસ ભાડુ(મહત્તમ રૂ.૩૦)નોન ગ્રાન્ટેન્ડ શાળાના શિક્ષકો સિવાય તમામ શિક્ષકોને આપવાનું રહેશે. જયાં જાહેર બસ સુવિધા અપ્રાપ્ય છે તેવા વિસ્તારોમાં તેમજ કોર્પોરેશન અને નગર પાલિકા વિસ્તારમાં તાલીમના સ્થળે આવવા જવા માટેનું વાજબી વાહન ખર્ચ આપવાનું રહેશે.

**(બ) અલ્પાહાર** : અત્રેની કચેરીના પત્રક્રમાંક : એસએસએ/તાલીમ(મકમ)/૦૬/ ૩૧૮૯૮–૯૨૩ તા. ૭/૯/૨૦૦૬ તેમજ તા.૭/૯/૦૬ ના પત્રમાં દર્શાવેલ સુધારા મુજબ સીઆરસી કક્ષાએ નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૧) સંબંધિત સીઆરસીના કો.ઓર્ડિનેટર

(૨) કલસ્ટરની પે સેન્ટરની શાળાના આચાર્ય

(૩) કલસ્ટર હેઠળની શાળાઓમાંથી તાલીમમાં ભાગ લેતાં એક શિક્ષિકાબેન(કલસ્ટરના શિક્ષકો સામુહિક ધોરણે નકકી કરે તે)

(૪) કલસ્ટર હેઠળની શાળાઓમાંથી તાલીમમાં ભાગ લેતાં એક શિક્ષકભાઈ(કલસ્ટરના શિક્ષકો સામુહિક ધોરણે નકકી કરે તે)

ઉપર મુજબની કમિટી ધ્વારા તાલીમ દરમ્યાન તાલીમમાં હાજર તમામ શિક્ષકોને ચા–નાસ્તો તેમજ સ્ટેશનરી અંગે આપવા યોગ્ય તે વ્યવસ્થા કરવાની રહેશે અને તે અંગેનો મહત્તમ ખર્ચ રૂ.૩૦/–ની મર્યાદા પ્રતિ શિક્ષક પ્રમાણે વિવેકબુધ્ધિ અનુસાર કરવાનો રહેશે.

**(૬) <u>તાલીમાર્થી પ્રવાસભથ્થું(મબ)</u> :**

તાલીમમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકો પૈકી જે શિક્ષકો ડીએ મેળવવાપાત્ર હોય તેમને નિયમાનુસાર પ્રવાસભથ્થુ (મબ) જોગવાઈ અનુસાર આપવાનો રહેશે.

**<u>(૬)તજજ્ઞની પસંદગી</u> :**

- આ તાલીમો માટે જે તે ડાયટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ જે તે વિષયના સીઆરજીએ તજજ્ઞ તરીકેની કામગીરી કરવાની રહેશે.
- તજજ્ઞ તરીકે કામગીરી કરનાર તજજ્ઞને ગત વર્ષ મુજબ પ્રતિ તાલીમદીઠ ઉચ્ચક રૂ.૫૦/–તજજ્ઞભથ્થું વિશેષ પુરસ્કાર તરીકે આપવાનું નિયત કરેલ છે. રહેશે.
- સીઆરસીકો.ઓર્ડિનેટરે કન્વીનર તરીકેની ભૂમિકા બજાવવાની રહેશે.

**<u>(૭) તાલીમને આનુસાંગિક અન્ય તમામ બાબતો</u> :**

**(અ) મોડયુલ નિર્માણ અંગે :**

આ તાલીમમાં બીઆરપી અને બીઆરજી, ડીઆરજીની મદદ લઈને સીઆરસી એક દિવસીય શિક્ષક તાલીમ મોડયુલ/માર્ગદર્શિકા ડાયટકક્ષાએ એક દિવસીય રિસોર્સ પર્સનની તાલીમ યોજીને તૈયાર કરી ધો૬ થી ૮ ના તમામ શિક્ષકોને આપવી. આ તાલીમમાં નમૂનાના આધાર તરીકે વર્ષ ૨૦૦૯ની એક દિવસીય તાલીમ માર્ગદર્શિકા તથા એપ્રિલ–૧૦ની તાલીમ વેળાએ તૈયાર કરેલ કલસ્ટરકક્ષાની તાલીમ મોડયુલનો ઉપયોગ જે તે વિયયવસ્તુ/વિષયાંગને ધ્યાને લઈને કરવાનો જિલ્લા પ્રોજેકટ કચેરી અને ડાયટના ધ્વારા સંયુકતરીતે તૈયાર કરાવીએ તથા ધોરણ ૧ થી ૫ ની તાલીમ માર્ગદર્શિકા જે તે શિક્ષક સામે ઉપલબ્ધ હોય, તાલીમ દરમ્યાન તે લઈને આવવા જણાવશો.

**(બ) તાલીમના સમયગાળા અંગે.**

આ તાલીમ જે તે માસના પ્રથમ શનિવારે વિદ્યાર્થીઓ માટે અનઅધ્યયન રાખીને એટલે કે શૈક્ષણિક કાર્ય બંધ રાખીને યોજવાનું નિયત થયેલ હોઈ, આ તાલીમનો સમયગાળો જે તે શૈક્ષણિક સત્ર અનુસારના શાળા સમય મુજબ રહેશે. એટલે કે સવારે ૭.૦૦ થી બપોરે ૧૨.૩૦ કલાકનો

રહેશે. આ સમયગાળામાં કોઈ ફેરફાર કરી શકાશે નહિ તે મુજબની સૂચના આપની કક્ષાએથી આપશો.

ઉપર (૧) અને (૨) તથા (અ), (બ),(ક) તથા (ડ)માં સમાવિષ્ટ (૧) થી (૭) બાબતોને ધ્યાને લઈ, કલસ્ટરકક્ષાની તાલીમનું સર્વગ્રાહી આયોજન કરી, સંબંધિતોને તાલીમ પૂર્વે પરિપત્રથી જાણ કરશો.

**ખાસનોંધ** : તાલીમાર્થી હાજરીપત્રક, મોનીટરીંગ ફોર્મ અને તાલીમાર્થી અભિપ્રાયાવલી અગાઉની તાલીમ મુજબ નિભાવવાના રહેશે.

**(મનોજ અગ્રવાલ,યબક)**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર**
**સર્વ શિક્ષા અભિયાન મિશન**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

(૧) માન. અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧, ડૉ.જીવરાવ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) માન. નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર.